# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-06-2025 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## સરકારના 11 વર્ષ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, 140 કરોડ ભારતીયોના આશીર્વાદ અને સામૂહિક ભાગીદારીના કારણે, છેલ્લા 11 વર્ષમાં દેશમાં વિવિધ ક્ષેત્રોમાં ઝડપી પરિવર્તન આવ્યું છે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસના સિદ્ધાંત દ્વારા માર્ગદર્શન મેળવીને, NDA સરકારે ગતિ, કદ અને સંવેદનશીલતા સાથે પથપ્રદર્શક ફેરફારો કર્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નમો એપ પર છેલ્લા ૧૧ વર્ષમાં ભારતની વિકાસ યાત્રા પરના સર્વેમાં ભાગ લેવા માટે દરેકને વિનંતી કરી છે. શ્રી મોદીએ પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં એક પોર્ટલની લિંક પણ શેર કરી છે. આ પોર્ટલ પર કોઈપણ વ્યક્તિ ભારતની છેલ્લા ૧૧ વર્ષની વિકાસ યાત્રા વિશેના જન મન સર્વેમાં ભાગ લઈ શકે છે.

---------------------------------------------------------------------------------

## શાળાઓ ખુલી:

કચ્છ સહીત રાજ્યમાં વેકેશન પૂર્ણ થતા આજે શાળાઓ ફરી બાળકોના કલસોરથી ગાજી ઉઠી હતી. પ્રાથમિકથી માંડી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે. આજે સવારે કચ્છના શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં બાળકો શાળાએ જવા નિકળ્યા હતા. બાળકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. શિક્ષણ બોર્ડે નવા વર્ષનું એકેડેમિક કેલેન્ડર જાહેર કર્યુ છે જે અનુસાર પ્રથમ સત્રમાં 105 દિવસ અભ્યાસના રહેશે અને 21 દિવસનું ઉનાળું વેકેશન

રહેશે. બીજા સત્રની શરૂઆત 6 નવેમ્બરથી થશે. બીજા સત્રમાં 144 દિવસનું શૈક્ષણિક કાર્ય રહેશે અને 4મેથી 7 જૂન 2026 સુધી ઉનાળુ વેકેશન રહેશે.

---

## ગ્રામપંચાયત ચુંટણી:

આગામી 22 જુનના નખત્રાણા તાલુકામાં ગ્રામ પંચાયતની ચૂંટણી માટે મતદાન યોજાવાનું છે, ત્યારે સરપંચ, સભ્યોની ઉમેદવારી નોંધાવનાર ઉમેદવારો નક્કી કરવા સમરસ ગ્રામ પંચાયતનું નિર્માણ કરવાની પ્રક્રિયા વેગવાન બની છે નખત્રાણા તાલુકામાં 13 ગ્રામ પંચાયતની સામાન્ય તથા 37 પેટાચૂંટણીમાં ત્રણ સરપંચ અને 34 સદસ્યની ચૂંટણી માટે મતદાન યોજાશે. આ સિવાય કચ્છના વિવિધ તાલુકામાં ચૂંટણીને લઇને ધમધમાટ જોવા મળી રહ્યો છે. ગ્રામપંચાયતની ચૂંટણીઓને લઇને આજે સોમવારે ઉમેદવારીપત્રો ભરવા માટે છેલ્લો દિવસ છે. આવતીકાલે મંગળવારના ઉમેદવારીપત્રોની ચકાસણી થશે અને 11 જુનના ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની સાથે ચૂંટણી જંગમાં ઉમેદવારોનુ ચિત્ર સ્પષ્ટ થઇ જશે.

---

## અંજાર ભાજપ-મોદી સરકારના 11 વર્ષ:

અંજાર તાલુકા ભાજપ દ્વારા સેવા, સુશાશન અને ગરીબ કલ્યાણ કરનાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારની 11 વર્ષની સંકલ્પ થી સિધ્ધિ સુધીની યાત્રા દરમિયાન કરેલા કાર્યો અને સરકારની કલ્યાણકારી યોજનાઓ છેવાડાના લોકો સુધી પહોંચાડવા કાર્યશાળાનું આયોજન કરાયું હતું. ભાજપ મહામંત્રી કાનજીભાઇ આહીરે સંકલ્પ થી સિધ્ધિ કાર્યક્રમ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે 14 જુનના વરસામેડી ખાતે તાલુકા કક્ષાની વિકસિત ભારત સંકલ્પ યાત્રા, 15 થી 17 જુન સુધી શક્તિ કેન્દ્ર સહ ખાટલા બેઠકો, 21 જુને મેઘપર મધ્યે યોગ ઉત્સવ, 23 જુનના ડો.શ્યામાપ્રસાદ મુકરજી બલિદાન દિન નિમિત્તે બુથ સહ પુષ્પાંજલી અને 25 જુને કટોકટી દિવસ એટલે કે બંધારણની હત્યા દિવસની વાત લોકો સમક્ષ મુકવામાં આવશે.

---

## અબડાસામાં કપાસ વાવેતર:

મુખ્યત્વે ખેતી આધારિત અબડાસા તાલુકામાં કપાસનું વાવેતર શરૂ થઇ ચૂક્યું છે. આ વિસ્તારના કોઠારા, નલિયા, વાંકુ, વાડાપદ્ધર, સિંધોડી, લાલા, પરજાઉ, સાધવ, ભાચુંડા, રવા, બીટિયારી, ખુઅડા, સાંધાણ, ડુમરા સહિતના ગામોમાં વાવેતરનું કામ ચાલુ છે. ચાલુ વર્ષ દરમ્યાન ગત વર્ષ કરતાં આ વર્ષે 20 ટકા જેટલો વાવેતરમાં ઘટાડો થશે તેવું સ્થાનિક ખેડૂતો દ્વારા જણાવવામાં આવ્યું છે. છેલ્લા ત્રણ વર્ષથી અબડાસામાં ભારે વરસાદ, વાવાઝોડાંના લીધે કપાસના પાકને નુકસાન થતું આવ્યૂં છે જેના કારણે ખેડૂતો કપાસના પાકમાં ઓછો રસ ધરાવે છે.

---

## વિથોણમાં આંખ નિદાન:

વિથોણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે `મોતિયામુક્ત કચ્છ' માટે અંધજન મંડળ, કે.સી.આર.સી. ભુજ દ્વારા યોજાયેલા નેત્ર નિદાન સારવાર કેમ્પમાં 139 દર્દીની તપાસ કરાઇ હતી. રાષ્ટ્રીય અંધત્વ તથા દૃષ્ટિખામી નિયંત્રણ કાર્યક્રમના સહયોગથી આંખના મોતિયા, જામર, વેલ, પરવાળા, નાસુર તથા આંખને લગતા દર્દીઓની તપાસ કરી જરૂરી દવાઓ તથા ટીપાં વિનામૂલ્યે અપાયા હતા, જેમાંથી 12 દર્દીનાં ભુજ ખાતે ઓપરેશન કરાશે તથા 56 દર્દીને રાહતદરે ચશ્માં અપાયાં હતાં. કેમ્પમાં આંખની સંભાળ અંગે માર્ગદર્શન પણ અપાયું હતું.

---

## માંડવી જળભરાવની સ્થિતિ:

માંડવી શહેરમાં ભારે વરસાદ દરમિયાન નીચાણવાળા વિસ્તારોમાં જળભરાવની સમસ્યાને હલ કરવા નગરપાલિકાએ મહત્વપૂર્ણ પગલાં લીધા છે. જેમાં બાબાવાડી વિસ્તારમાં કુવાની ક્ષમતા ચાર ગણી વધારવામાં આવી છે. વરસાદ સમયે વીજ પુરવઠો ખોરવાય તે માટે કાયમી જનરેટરની વ્યવસ્થા કરવામાં આવી છે. લક્ષ્મીનારાયણ નગરથી નવો નાળો બનાવીને નદી મારફતે પાણી ડાયવર્ટ કરવાની વ્યવસ્થા કરાઈ છે.

---